Monday
30.01.2023
વિશ્વાસથી વિકાસ યાત્રા
✳Volume :7 ✳ Issue No.181
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

અર્બન-૨૦: બેઠકના કોર એજન્ડામાં ક્લાઈમેટ પણ સામેલ

ગુજરાતમાં ૨૦ વર્ષમાં વૃક્ષોની સંખ્યામાં ૧૪.૯૫ કરોડનો વધારો - વન વિભાગ દ્વારા કરવામાં આવેલી પમી વૃક્ષ ગણતરી અનુસાર રાજ્યમાં ૩૯.૭૫ કરોડ વૃક્ષ

કમલમ્ ન્યુઝ,અમદાવાદ

અમદાવાદમાં આગામી મહિને યોજાના અર્બન-૨૦ (U-20) બેઠકની મુખ્ય ૬ પ્રાથમિકતાઓમાં ક્લાઈમેટ ફાયનાન્સની સાથે પર્યાવરણના જતનનો પણ સમાવેશ થાય છે. રાજ્યના વન વિભાગ દ્વારા કરવામાં આવેલી પમી વૃક્ષ ગણતરી અનુસાર રાજ્યમાં છેલ્લા ૨૦ વર્ષમાં વૃક્ષોની સંખ્યામાં ૧૪.૯૫ કરોડનો વધારો થયો છે. આ ગણતરીના તારણો મુજબ રાજ્યમાં વૃક્ષોની સંખ્યા ૩૯.૭૫ કરોડ છે. ૨૦૨૧માં કરવામાં આવેલી મોજણી મુજબ રાજ્યમાં સૌથી વધારે વૃક્ષ આણંદ જિલ્લામાં આવેલા છે. રાજ્યમાં ટ્રી કવરનું પ્રમાણ ૨૦૦૧માં ૨.૦૯ ટકાથી વધીને ૨૦૧૯માં ૬.૧૧ ટકા થયું છે. જ્યારે ગ્રીન કવરની દૃષ્ટિએ જોઈએ તો રાજ્યમાં ગ્રીન કવરનું પ્રમાણ ૧૧.૫૨ ટકા છે. જેનું એક મોટું કારણ મોટો રણ પ્રદેશ પણ છે. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં છેલ્લા ૩૦ વર્ષમાં વન વિસ્તારમાં ૨૯૫૦ ચોરસ કિમીનો વધારો થયો છે. ૧૯૯૧માં ૧૧,૯૦૭ ચો.કિમી વન વિસ્તાર હતો જે વન વિભાગના પ્રયાસોને કારણે ૨૦૧૯માં વધીને ૧૪,૮૫૭ ચો.કિમી થયો છે.

રાજ્યમાં પ્રતિ હેક્ટર ટીક વૃક્ષોની સંખ્યા ૨૦૦૧માં ૨ હતી જે વધીને ૨૦૧૯માં ૫૦ થઈ છે.

અમદાવાદના હાથીજણ ખાતે ૩૦૨ વર્ષ જૂનો વડલો આજે પણ જીવંત

અમદાવાદના હાથીજણ વિસ્તારમાં દોઢ વિઘા વિસ્તારમાં ફેલાયેલો વિશાળ વડલો આવેલો છે. આ વડની ઉંમર ૩૦૨ વર્ષ હોવાનું માનવામાં આવે છે. વડની વડવાઈઓ ફેલાઈ હોવાથી તે ઘેઘૂર બન્યો છે.

અર્બન-૨૦માં ક્લાઈમેટ ફાયનાન્સ પર ફોકસ રહેશે

શહેરોમાં ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જન પર નિયંત્રણ માટે પગલાં ભરી શકાય એ હેતુસર અર્બન-૨૦ બેઠકમાં ક્લાઈમેટ ફાયનાન્સ મહત્તાની પ્રાથમિકતાઓમાં સામેલ છે. બેઠકમાં ખાસ કરીને કચરાના નિકાલ, જળસ્રોતોનું જતન, રિન્યુએબલ એનર્જી, ઈલેક્ટ્રીક વ્હીકલ્સ, પબ્લિક ટ્રાન્સપોર્ટ તથા ગ્રીન બિલ્ડિંગ જેવા ૬ અર્બન સેક્ટર્સમાં રોકાણ પર જોર રહેશે. આ ક્ષેત્રોમાં ૨૦૩૦ સુધીમાં કુલ વાર્ષિક વૈશ્વિક રોકાણ ૨.૫ ટ્રીલિયન ડોલર થઈ જવાનો અંદાજ છે.

નાગરિકોને વધુ ઝડપી-પારદર્શક સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે રાજ્યભરની નોંધણી કચેરીઓ વધુ આધુનિક-ટિજિટલ બનાવાશે - મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગાંધીનગર ખાતે નોંધણી સર નિરીક્ષક કચેરી અંતર્ગત વિવિધ ચાર પ્રકલ્પોનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,ગાંધીનગર

વિવિધ દસ્તાવેજોની નોંધણી કરાવવા આવતા રાજ્યના લાખો નાગરિકોને વધુ ઝડપી-પારદર્શક સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે રાજ્યભરની નોંધણી કચેરીઓનું વધુ આધુનિક અને ટિજિટલ બનાવાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરેલા ડિજિટલ ભારત અભિયાન થકી આજે ભારતમાં ૪૦% થી વધુ વ્યવહાર ડિજિટલના માધ્યમથી થઈ રહ્યા છે જે ડિજિટલ ઈન્ડિયાની સફળતા દર્શાવે છે. અમદિકામાં નોકરીઓ જઈ રહી છે જ્યારે ભારતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં યુવાનોને નોકરીઓ મળી રહે છે આ બદલાવ યોગ્ય અને સક્ષમ નેતૃત્વના પરિણામે આપણે અનુભવી રહ્યા છીએ તેમ મુખ્યમંત્રી દ્વારા ગાંધીનગર ખાતે જણાવ્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગાંધીનગર ખાતે આજે નોંધણી સર નિરીક્ષક અને સુપ્રિટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ અંતર્ગત સ્ટેમ્પ અને નોંધણી કચેરીનો લોગો, ન્યુ પેમેન્ટ ગેટ વે-gARVI 2.0નું ICICI bank પેમેન્ટ ગેટ વે સાથે ઈન્ટીગ્રેશન, પેપરલેસ કચેરી તરફનું પગલું- દસ્તાવેજોનું ડિજિટલ સ્વરૂપે સંગ્રહ અને બેકઅપ ઈન્ટરનેટ કનેક્ટિવિટીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

વિવિધ નવીન પ્રકલ્પો:-

૧. સ્ટેમ્પ અને નોંધણી કચેરીનો લોગો
૨. ન્યુ પેમેન્ટ ગેટ વે- gARVI 2.0નું ICICI bank પેમેન્ટ ગેટ વે સાથે ઇન્ટીગ્રેશન
૩. પેપરલેસ કચેરી તરફનું પગલું- દસ્તાવેજોનું ડિજિટલ સ્વરૂપે સંગ્રહ
૪. બેકઅપ ઇન્ટરનેટ કનેક્ટિવિટી



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યભરની સબ રજિસ્ટ્રાર કચેરીઓમાંથી આવેલા કર્મીઓ સાથે સંવાદ કરતા કહ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા વિવિધ વિભાગોની કામગીરી અને તેમના કર્મીઓ સાથે રૂબરૂ મળવાના હેતુથી આ પ્રકારની પહેલ હાથ ધરવામાં આવી છે જેના થકી સરકારની કામગીરી વધુ સરળ રીતે લોકો સુધી પહોંચાડી શકાશે. ડિજિટલ ટેકનોલોજીના માધ્યમથી આપણા સૌની કામ કરવાની ક્ષમતામાં ખૂબ જ નોંધપાત્ર વધારો થયો છે અને નાગરિકોને ઘરે બેઠા ઓનલાઈન સુવિધા ઉપલબ્ધ થઈ રહી છે. આ ચાર નવીન પ્રકલ્પોના લોકાર્પણથીરાજ્યભરની રજિસ્ટ્રાર-સ્ટેમ્પ કચેરીઓમાં દસ્તાવેજ નોંધણીમાં વધુ ઝડપ- સરળતા, અવિરત ઈન્ટરનેટની સુવિધા, પારદર્શકતા તેમજ પેમેન્ટ રિફંડ કરવામાં પણ વધુ ઝડપ આવશે. આ સંદર્ભે વધુને વધુ પરિણામલક્ષી કામ થાય તે માટે આપણે સૌએ વધુ હકારાત્મક અભિગમ રાખીને લોકોની સેવા કરવી પડશે તેમ જણાવી મુખ્યમંત્રી શ્રીએ આ નવીન સેવાઓ શરૂ કરવા બદલ સૌને શુભેચ્છાઓ પાઠવી હતી.

મુખ્ય મંત્રીના હસ્તે આ પ્રસંગે નોંધણી વિભાગની કામગીરી તેમજ લક્ષ્યાંક રજૂ કરતું ડિજિટલ ગુજરાત' પુસ્તકનું વિમોચન તેમજ gARVI 2.0 અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મયોગીઓનું પ્રમાણપત્ર આપી સન્માન કરાયું હતું.

મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ કમલ દયાનીએ કહ્યું હતું કે રાજ્ય સરકારના 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ના અભિગમ સાથે આ નવીન પ્રકલ્પોના અમલથી રાજ્યભરની ૨૮૭ સબ રજિસ્ટ્રાર કચેરીઓ અને ૩૧ સ્ટેમ્પ કચેરીઓમાં અનેકવિધ નવી સુવિધા ઉપલબ્ધ થશે. જેના પરિણામે કામ કરવામાં ખૂબ મોટો બદલાવ આવશે અને નાગરિકોને વધુ ઝડપી અને પારદર્શક સુવિધાઓ આપી શકાશે. આ પ્રકલ્પોના અમલથી કર્મયોગીઓ લેટેસ્ટ પરિપત્રો, નવા નિયમો, તાલીમ અને ટેકનોલોજીથી અવગત પણ થશે. નોંધણી સર નિરીક્ષક અને સુપ્રિટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ જેનુ દેવને સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપીને નવીન પ્રકલ્પોથી સૌને અવગત કર્યા હતા.

આ નવીન પ્રકલ્પોના લોકાર્પણ પ્રસંગે મહેસૂલ વિભાગના ઉચ્ચ અધિકારીઓ, NIC ના અધિકારીઓ, ICICI બેંકના તેમજ ગાંધીનગરની સબ રજિસ્ટ્રાર કચેરી અને સ્ટેમ્પ કચેરીના અધિકારી- કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અર્બન ૨૦: મહત્ત્વની ૬ પ્રાથમિકતાઓમાં જળ સુરક્ષા

ઈકો સેન્સિટિવ ઝોન તરીકે જાહેર થોળ તળાવ જળ સુરક્ષા માટે ઉત્તમ નમૂનો

કમલમ્ ન્યુઝ,અમદાવાદ

અમદાવાદમાં આવતા મહિને જી૨૦ ના અંતર્ગત અર્બન ૨૦ (યુ ૨૦) નું આયોજન થવાનું છે. આ સમિટમાં જળ સુરક્ષા સહિત છ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. ગુજરાતમાં જળ સુરક્ષાની વાત કરીએ તો થોળ તળાવ જળ સંચયનું ઉત્તમ ઉદાહરણ છે. જે આઝાદી પહેલા ૧૯૧૨માં જમીનનું ધોવાણ, પૂરને રોકવા અને સિંચાઈ હેતુ માટે વરસાદી પાણીનો સંગ્રહ કરવા માટે બનાવવામાં આવ્યુ હતુ. આ એક વિકસિત સિંચાઈ પ્રણાલી દર્શાવે છે. આ તળાવનું બાંધકામ એ રીતે કરાવવામાં આવેલુ છે કે, ફીડર કેનાલ માનવસર્જિત વેટલેન્ડ સુધી પહોંચે તે પહેલાં, ત્યાં એક ડાયવર્ઝન બનાવાયુ છે, જેને વેસ્ટ વીયર પણ કહેવાય છે અને તે જળાશયમાં પાણીના જથ્થાને નિયંત્રિત કરવા માટે કાર્ય કરે છે. જો પાણીનું સ્તર ૯ ફૂટથી ઉપર પહોંચે છે, તો પાણીને વેસ્ટ વીયર તરફ વાળવામાં આવે છે. પાણીનું મહત્તવ સમજીને આ બાંધકામ આજના બાંધકામને આદર્શ પૂરુ પાડતુ ઉદાહરણ છે. આજે તેની આસપાસ સાત નાના-મોટા ઔદ્યોગિક ક્ષેત્ર આવેલા છે. જો કે આ સેન્ચુરીની અંદર કોઈ ગામ કે બાંધકામ કરાયુ નથી. આ તળાવને પ્રદૂષણથી બચાવવા માટે ૧૯૮૬માં તેને ઈકો સેન્સિટિવ ઝોન જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં સેન્ચુરી પર પ્રતિબંધિત પ્રવૃત્તિઓનું પાલન કરવામાં આવે છે. આ સમિટમાં ઈન્દોરના ટુ એક્શનની પર ચર્ચા થવાની છે. તો જળ સુરક્ષાના મુદ્દે થોળ તળાવ યુ ૨૦ના સદસ્યો માટે ચર્ચાનું ઉત્તમ ઉદાહરણ રહેશે.

થોળ લેક વિશે મહત્ત્વની જાણકારી

- થોળ વોટરબોડી કુલ ક.૯૯ ચો.કિમી વિસ્તારમાં ફેલાયેલી છે. પણ થોળ વેટલેન્ડ (જળપ્લાવિત) કેચમેન્ટ એરિયા ૫૫.૯૫ ચો.કિમીમાં ફેલાયેલો છે. જેમાં ૬ મોટા ગામ સામેલ છે. જ્યારે કુલ વોટર કેચમેન્ટ વિસ્તાર ૩૨૦ ચો.કિમીમાં ફેલાયેલો છે.
- કેટલાક માઇગ્રેટરી પક્ષીઓએ થોળને કાયમી નિવાસસ્થાન પણ બનાવ્યું છે. જેમાં વ્હાઇટ આઇબી પોકાર્ડ, ઇમ્પિરિયલ ઇગલ, પેલિકન, ઓસ્ટિએન્ટલ ડાર્ટર, ફ્લેમિંગો તથા સારસનો સમાવેશ થાય છે.
- જળસૃષ્ટિના જતન માટે વિવિધ કેનાલ્સ દ્વારા જરૂરિયાત અનુસાર પાણી પૂરું પાડવામાં આવે છે. આ કેનાલનું નેટવર્ક ૧૯.૯૭ કિમી લાંબુ છે.

સંત શ્રી જોધલપીર સમાધિસ્થાન ટ્રસ્ટના વિકાસ માટે સાંસદ ડો કિરીટભાઈ સોલંકીના અધ્યક્ષ સ્થાને ટ્રસ્ટી મંડળની બેઠક મળી.

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા કરવામાં આવેલા ધર્મસ્થાનકોના વિકાસ થકી ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આગળ વધારી રહ્યા છે ત્યારે ગુજરાત માં આવેલા દલિત સમાજમાં જન્મનાર સંતો મહંતોના પવિત્ર યાત્રાધામ સ્થળોના વિકાસ માટે અમદાવાદ પશ્ચિમના લોકપ્રિય પ્રભાવશાળી સાંસદ શ્રી ડોકટર કીરીટભાઈ પ્રેમજીભાઈ સોલંકીની રજૂઆત અન્વયે વિવિધ ધર્મસ્થાનકોના વિકાસ માટે રૂપિયા ૫૦ કરોડ જેટલી માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે. જે પૈકી અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના કેશરડી ગામમાં આવેલ સદ્ ગુરુ પારસ મણી સંત શ્રી જોધલ પીર (ગુરુ- રૂપનાથ) સવંત-- ૧૩૧૬, (ઈ. સ. ૧૨૬૦) ના ધર્મસ્થાનકના વિકાસ માટે ગુજરાત સરકાર દ્વારા ૧૦ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે.તેમજ તે કામગીરીને ગુજરાત સરકારના પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધિકારીઓ થકી આગળ વધારવામાં આવી રહી છે ત્યારે આજે સાંસદ શ્રી ડોક્ટર કીરીટભાઈ સોલંકીના અધ્યક્ષ સ્થાને એનેક્સિ શાહીબાગ અમદાવાદ ખાતે સમસ્ત જોધલપીર વંશજો , મંદિર ટ્રસ્ટીઓ ની બેઠક મળી હતી. જેમાં જોધલપીર વંશજો , મંદિર ટ્રસ્ટીઓએ ડો કિરીટભાઈ સોલંકી નું ઉષ્માસભર બહુમાન કર્યું હતું. આજની આ બેઠકમાં સંત શ્રી જોધલપીર સમાધિસ્થાન ના મંત્રી હર્ષદભાઈ આચાર્ય એ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી સી.આર. પાટિલનો સંત શ્રી જોધલપીર સમાધિસ્થાન કેસર ટીના વિકાસ માટે આભાર વ્યક્ત કરતો ઠરાવ રજૂ કર્યો હતો જેને સર્વ લોકો એ સમર્થન આપ્યું હતું.

સંત શ્રી જોધલપીરના જીવન વિશેની કેટલીક રસપ્રદ માહિતીની જોધલપીરના મંહત શ્રી ગોર ધનદાસ મહારાજ એ માહિતી આપતા જણાવ્યું હતું કે જોધલપીરનો જન્મ ભાલ પ્રદેશના કેસરડી તાઃ ધોળકા, જિ. અમદાવાદ ખાતે વણકર જ્ઞાતિમાં સવંત ૧૩૧૬, ચૈત્ર સુદ પૂનમની મધરાતે થયો હતો. પિતાનું નામ દેવા ભાઈ અને માતાનું નામ કુંવરબા હતું. ગુરુનું નામ રૂપનાથ.

જોધલ પીરનુ મુળ નામ જોધા મકવાણા હતું માર્કંડ ઋષિ (પંજાબ) ની ૧૧મી પેઢી પછી જોધલ પીરનો જન્મ થયો.

પુત્રનાં લક્ષણ પારણામાં અને વહુના લક્ષણ બારણામાં એ ઉક્તિ મુજબ પૂર્વનાં યોગી જોધલ પીરને યોગ ભક્તિમા બહું રસ હતો. જેથી સદ્ ગુરુની ખોજ કરતાં કરતાં રૂપનાથ મહારાજનો ભેટો થયો. તેઓ પાસેથી દિક્ષા લીધાં પછી સમાધિને ઉપલબ્ધ થયાં. ત્યારથી પીર તરીકે ઓળખાવા લાગ્યા.

જોધલ પીર પાંચ પૈકી પ્રથમ પીર છે.

(૧) જોધલ પીર , ગામ કેસરડી, તાઃ ધોળકા.
(૨) કાન પીર, ગામ- ગાભુ, તાઃ પાટણ, ઉત્તર ગુજરાત.
(૩) પાલન પીર, ગામ હડમતીયા, તાઃ મોરબી.
(૪) રામદેવ પીર, ગામ રણુજા, તાઃ પોકરણ. (રાજસ્થાન)
(૫) જેસલ પીર, ગામ અંજાર, જિ. કચ્છ.

જોધલ પીર દ્વારા જેમનાં જીવનમાં ભક્તિ પ્રગટ થઈ એવાં પ્રમુખ શિષ્યો. (૧) ભવાની દાસ - ગામ ધોળકા.

(૨) હિર સાહેબ- (જોધલ પીરના પુત્ર) કેસરડી.
(૩) મીરખા બાદશાહ- ધોળકા.
(૪) રેંડો અને પેંડો , - ભાયલા , તાઃ ભાવળા.
(૫) વિરો કોળી - દેવ ધોલેરા.
(૬) નાનો કોળી- ઉપરદળ, તાઃ સાણંદ.
(૭) મેઘલશી સોની- વેકરીયા.
(૮) લાખો ભરવાડ- અઢેલાઈ, ભાવનગર.

જોધલ પીરની એક વાણી-

"એવાં રે પરમારથી જ્ઞાની નર બુજે, અવર ન બુજે કોઈ,
વેદ કુરાન ખોલીને જુઓ, સાચાં ગુરુ વિના જ્ઞાન ન હોય.

સમગ્ર બેઠકનું સંચાલન અરૂણકુમાર સાધુ પૂર્વ ડીરેક્ટર ઓક્ટર આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ એ કર્યું હતું. જ્યારે આભાર વિધિ સંસ્થાના પ્રમુખ કિશોર ભાઈ મકવાણા એ કરી હતી.

સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, સે.૧૭ ખાતે મહાનગર ભાજપાની કારોબારી બેઠક યોજાઈ

કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, તા. ૨૮ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, સે.૧૭ ખાતે મહાનગર ભાજપાની કારોબારી બેઠક યોજાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, દિલ્હી ખાતે ભાજપાની રાષ્ટ્રીય કારોબારી બેઠક બાદ સુરેન્દ્રનગર ખાતે પ્રદેશ ભાજપની કારોબારી બેઠક સંપન્ન થઈ છે ત્યારે ભાજપાની કાર્યપદ્ધતિ અનુસાર રાજ્યભરમાં જિલ્લા/ મહાનગર સ્તરે અને ત્યારબાદ મંડલ/વોર્ડ સ્તરે કારોબારી બેઠક યોજાનાર છે તેના અનુસંધાને મહાનગર ભાજપાની કારોબારી બેઠક મહાનગરના પ્રભારી મોહનભાઈ પટેલ, શહેર પ્રમુખ ક્રુચિર ભટ્ટ, ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર હિતેશ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સંગઠન પર્વ ના હોદ્દેદારો, અગ્રણીશ્રીઓ, કોર્પોરેટરો, અપેક્ષિત કાર્યકર્તાઓ ઉપસ્થિતિમાં યોજાઈ ગઈ હતી. આગામી દિવસોમાં ક્રમશઃ તમામ ૧૧ વોર્ડની કારોબારી બેઠક પૂર્ણ કરવામાં આવશે. ગાંધીનગર મહાનગર ભાજપાની કારોબારી બેઠકમાં ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળની રાજ્ય સરકારની વિવિધ જનહિતની યોજનાઓ અંગે છણાવટ કરી હતી અને વિધાનસભા ચુંટણીમાં મળેલા પ્રચંડ વિજય કાર્યકર્તાઓએ ભારતીય જનતા પાર્ટી પ્રત્યેના સમર્પિત ભાવથી કરેલી અથાગ મહેનતની દેન હોવાનું જણાવ્યું હતું. મહાનગરના મેયર હિતેશ મકવાણાએ કેન્દ્ર અને રાજ્ય સરકારની અભૂતપૂર્વ કામગીરી બદલ ધન્યવાદ પ્રસ્તાવ રજૂ કર્યો હતો. મહાનગરના પ્રભારી મોહનભાઈ પટેલે ભાજપાની સામાજિક ભૂમિકા અંગે સંબોધન કર્યું હતું અને જણાવ્યું હતું કે, એકમાત્ર ભાજપ જ એવી રાજકીય પાર્ટી છે જે ચુંટણી હોય કે ન હોય સતત જનતાની વચ્ચે રહે છે. ભાજપનો કાર્યકર ફક્ત રાજકીય નહિ સામાજિક કાર્યકર છે જે સંકટના સમયે જનતાની પડખે ઉભો રહે છે. મહાનગર ભાજપા અધ્યક્ષ ક્રુચિર ભટ્ટે તેમના સંબોધનમાં મહાનગ પાલિકા સ્તરે નાગરિકોને ઉપલબ્ધ તમામ સુવિધાઓ અને યોજનાઓ જન-જનતાને મળે તે માટે સતત સક્રિય રહેવા ઉપસ્થિત સૌને હાકલ કરી હતી. મહાનગરના મહામંત્રી કનુભાઈ દેસાઈએ ડેટા મેનેજમેન્ટ તેમજ તેના ઉપયોગ અંગે તેમજ આગામી સંગઠનાત્મક કાર્યો અંગે સૌને માહિતગાર કર્યા હતા.

ગુજરાત વિધાનસભા ચુંટણીમાં મળેલા ભવ્ય વિજય બાદ ૨૦૨૪ લોકસભા ચુંટણીમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ, રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જેપી નડ્ડાજીના નેતૃત્વમાં દેશમાં થઈ રહેલા અવિરત વિકાસ તેમજ મજબૂત થઈ રહેલી અર્થવ્યવસ્થા, તાકાતવર બનતી સેના, ગરીબ કલ્યાણની અનેકવિધ યોજનાઓ અને રાષ્ટ્રનિર્માણ માટે ભાજપ પર જનતાના અખૂટ વિશ્વાસ તેમજ મજબૂત સંગઠનશક્તિ થકી ભાજપાનો ફરી એક વખત ભવ્ય વિજય નિશ્ચિત છે ત્યારે ગુજરાતમાંથી પણ ફરી એક વખત ભાજપ જનતાના આશીર્વાદ થી તમામ ૨૬ બેઠકો પર ગત વખત કરતા પણ વધુ વિશાળ માર્જિનથી વિજય મેળવે અને ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ શ્રી અમિતભાઈ શાહ ઐતિહાસિક લીડ સાથે ફરી વિજયી બનશે તેવો આત્મવિશ્વાસ ઉપસ્થિત સૌ એ વ્યક્ત કર્યો હતો.

ઉદ્યોગ અને શ્રમ રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત એ નવદંપતિ ને આશીર્વાદ આપ્યા

કમલમ્ ન્યુઝ,

ધી રોહિત સમાજ ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી, પાટણ ના ચેરમેન અશોકભાઈ એમ.પરમાર ઉર્ફે ભીખાલાલ ના સુપુત્ર ચિ. સૌમ્ય સંગ ચિ. માનસી ના શુભ લગ્ન પ્રસંગે અશોકભાઈ પરમાર ના લીલીવાડી પાસે આવેલ આરાસુરી સોસાયટી ખાતેના નિવાસસ્થાને ગુજરાત સરકાર ના ઉદ્યોગ અને શ્રમ રોજગાર ના માનનીય મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબ પધારી નવદંપતિ ને આશીર્વાદ આપ્યા. આ પ્રસંગે પાટણ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભાનુમતિબેન મકવાણા, જશુભાઈ પટેલ, શ્રી સુરપાલસિંહ રાજપૂત તેમજ સમાજના આગેવાનો અને પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી.....

શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમો માં પોતાના સંતાનો ની પ્રસ્તુતિ નિહાળવા માતા પિતા હરખભેર પ્રાથમિક શાળામાં આવે એ સ્વાભાવિક છે. પરંતુ સાવલી તાલુકાના નાનકડા ચોરપુરા ગામના વાલીઓ એટલા ઉત્સાહી છે કે તાજેતરમાં પ્રજાસત્તાક પર્વની પ્રસંગે ગામની પ્રાથમિક શાળામાં થયેલી ઉજવણીમાં ગામના મહિલા ભજન મંડળની બહેનો અને વિદ્યાર્થીઓ ની માતાઓ એ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરીને જાણે કે પ્રવાહ પલટાયો હતો. પ્રાથમિક શાળામાં ગ્રામજનો ના અપૂર્વ સહયોગ થી ખૂબ ઉત્સાહ સાથે પ્રજાસત્તાક પર્વ ઉજવવામાં આવ્યું અને ૫ ધોરણ ની સાવ નાન કડી પ્રાથમિક શાળામાં ૨૦ વિવિધતામયા , દેશ ભક્તિ પ્રેરક કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવ્યા.આ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ એ પણ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો. શાળાના આચાર્ય શ્રી આરીફખાન પઠાણે સહ આચાર્ય સપનાબેન પટેલ સાથે મળીને સમગ્ર કાર્યક્રમનું સંકલન કર્યું હતું. તેઓ જણાવ્યું કે અમારા ગામના લોકો શાળા પરિવારના સદસ્ય બની ગયા છે અને શાળાની તમામ પ્રવૃત્તિઓ માં સાથન સહયોગ ખૂબ હરખ થી આપે છે.તેમના સહયોગ ને લીધે અમારી શાળામાં વર્ષ દરમિયાન વિવિધ રાષ્ટ્રીય અને સામાજિક પર્વ ખૂબ ધૂમધામ થી ઉજવાય છે. તેના લીધે વિદ્યાર્થીઓ ના કૌશલ્યો માં અભિવૃદ્ધિ થાય છે.

તાપી જિલ્લા પોલીસ દ્વારા ક્રેસ સારી કામગીરી

કમલમ્ ન્યુઝ, રાકેશ વાળા

સુરત ગ્રામ્ય જિલ્લા ના બાર ડોલી પોલીસ સ્ટેશન ના પ્રોહિબેશન ના ગુનાહ મા નાસતા ફરતા વોન્ટેડ આરોપી ને પકડી પાડતી લોકલ ક્રાઈમ બ્રાન્ચ તથા પેરોલ ફ્લો સ્કોડ તાપી. શ્રી વાય.એલ.શિરસાઠ પોલીસ ઈન્સ્પેક્ટર ઈન્ચાર્જ, એલ. સી. બી તાપી નાઓના માર્ગદર્શન હેઠળ તાપી સ્ટાફ પેટ્રોલિંગ માં નીકળેલ હતા. તે દરમ્યાન નાસતો ફરતો આરોપી વોન્ટેડ વિલાસભાઈ રાયલા માવચી રહે વાસી ખેખડા તાલુકા નવાપુર જિલ્લા નંદુરબાર મહારાષ્ટ્ર ,તા ૨૮/૦૧/૨૦૨૩ ના રોજ પકડી પાડેલ.

અનાવલ પ્રાથમિક શાળાના કલ્પનાબેન પરમાર ની પ્રતિભાશાળી શિક્ષક તરીકે પસંદગી

કમલમ્ ન્યુઝ,મયુર પટેલ

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળા અનાવલના શિક્ષિકાબેન શ્રી કલ્પનાબેન પરમાર ને તાલુકાના અનાવલ ક્લસ્ટર માં પ્રતિભાશાળી શિક્ષક તરીકે પસંદગી કરી ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિન નિમિત્તે તાલુકા કક્ષાએ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી ના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું જે બદલ અનાવલ ગામના વાલીઓ એસએમસી સમિતિ અને શાળાના આચાર્ય તથા તમામ સ્ટાફગણે શુભેચ્છા પાઠવી અનેશાળાનું નામ રોશન કરવા બદલ અભિનંદન પાઠવી

કમલમ્ ન્યુઝ,

ખંભાત સ્થિત શ્રી કપિલેશ્વર મહાદેવ સમૂહલગ્ન સમિતિ દ્વારા આયોજિત ખંભાત શ્રી ચુનારા સમાજ સમૂહ લગ્નોત્સવ સમારોહ માં સાંસદશ્રી મિતેષભાઈ પટેલએ હાજરી આપી નવદંપતીઓને આશીર્વાદ આપ્યા.

ગાંધીનગર અને સોલા સિવિલ હોસ્પિટલ ખાતે રૂ. ૯૦૦ કરોડના ખર્ચે આરોગ્યલક્ષી સુપરસ્પેશ્યાલિસ્ટ સેવા-સુવિધાઓનું નિર્માણકાર્ય પ્રગતિમાં - આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલ

કમલમ્ ન્યુઝ,

આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના હસ્તે સોલા સિવિલ હોસ્પિટલ ખાતે સર્જરી કૌશલ્ય માટે નવનિર્મિત સ્કીલ લેબ અને હાઈ એન્ડ માઈક્રોસ્કોપનું લોકાર્પણ તેમજ પ્રેક્ટિકલ હેન્ડબુક ઓફ ઈયર સર્જરીનું વિમોચન કરવામાં આવ્યું હતુ. આરોગ્ય મંત્રી શ્રીએ જણાવ્યું કે, 'પ્રેક્ટિકલ હેન્ડબુક ઓફ ટેમ્પોરલ બોન્સ અને મિડલ ઈયર ક્લેફ્ટ'એ પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે એક સર્જીકલ માર્ગદર્શિકા છે જેનો ધ્યેય સર્જીકલ પ્રક્રિયાના અનુસરણ અને તેના મહત્વની ઊંડાણપૂર્વક સમજૂતી આપવાનો છે. જેનાથી સર્જરી સહજ અને સરળ રીતે કરી શકાશે. આ પ્રસંગે મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, આજે સોલા સિવિલ હોસ્પિટલ ખાતે હાઈ એન્ડ માઈક્રોસ્કોપ કૌશલ્ય સર્જરી માટે સ્કીલ લેબ અને પ્રેક્ટિકલ હેન્ડ બુક ઓફ ઈયર સર્જરીનું લોકાર્પણ કરતા મને ખૂબ જ ગર્વ અનુભવાય છે. આજે ભારત વિકાસ ક્ષેત્રે હરણફાળ ભરીને વિશ્વગુરુ બનવા તરફ આગળ વધ્યું છે. ઈનોવેશન અને ટેકનોલોજી ક્ષેત્રે ભારતે બહુઆયામી વિકાસ સાધ્યો છે. અગાઉ આપણે આરોગ્ય ક્ષેત્રે અન્ય પાસેથી યંત્રો લાવીને સર્જરી કરતા હતા, જ્યારે આજે રાજ્ય સરકારના જનહિતલક્ષી અભિગમ અને માળખાકીય સુવિધાઓમાં સતત વિકાસના પરિણામે હોસ્પિટલમાં મોંઘાથી મોંઘા ઉપકરણો વિકસાવવામાં આવ્યાં છે. આજે ગુજરાતે આરોગ્ય સાથે અન્ય ક્ષેત્રોમાં પણ વિકાસની ગતિને વેગ પકડ્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્ય ના દરેક જિલ્લામાં મેડિકલ કોલેજ ઉપલબ્ધ બનાવવાના જે ધ્યેય સ્વપ્ને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકાર આગળ વધારી રહી છે. જેના પરિણામે આજે રાજ્યમાં ૩૬ મેડિકલ કોલેજ ઉપલબ્ધ બનતા ૬૩૦૦ જેટલા અન્ડર ગ્રેજ્યુએટ એમ.બી.બી.એસ. ડોક્ટર્સ દર વર્ષે ઉપલબ્ધ બનશે. રાજ્ય સરકાર દરેક જિલ્લામાં મેડિકલ કોલેજ બનાવીને યુ.જી. ઉપરાંત પી.જી. અને સ્પેશ્યલ ડોક્ટર્સની સંખ્યા માં પણ વધારો કરવાની દિશામાં સતત પ્રયત્નશીલ છે તેમ તેમણે કહ્યું હતુ. તેમણે વધુમા જણાવ્યું કે, રાજ્ય સરકારના દર્દીલક્ષી અભિગમ અને પ્રયાસોના પરિણામ સ્વરૂપ ગાંધીનગર અને સોલા સિવિલ હોસ્પિટલ ખાતે રૂ. ૯૦૦ કરોડના ખર્ચે આરોગ્યલક્ષી સુપરસ્પેશ્યાલિસ્ટ સેવા-સુવિધાઓના નિર્માણ કાર્ય પ્રગતિ હેઠળ છે.જેના થકી આ બંને હોસ્પિટલ ખાતે આરોગ્યલક્ષી વિવિધ સુપર સ્પેશ્યાલિસ્ટ સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ બનતા દર્દીઓની આરોગ્ય સુખાકારીમાં વધારો થશે, તેમ તેમણે ઉમેર્યું હતું. કોરોના રસીકરણના સંદર્ભમા મંત્રી શ્રીએ જણાવ્યું કે , કોરોના મહામારીમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વ હેઠળ ભારતે શ્રેષ્ઠ પ્રદર્શન કરીને વિશ્વના અન્ય દેશો સમક્ષ ભારતની ક્ષમતાનાં પરચો બતાવ્યો છે. તાજેતરમાં જ દેશમાં વિકસેલી સ્વદેશી કોવિશીલ્ડ અને કો-વેક્સીન દુનિયાની શ્રેષ્ઠ રસીઓમાં સ્થાન મેળવ્યું છે જે સમગ્ર દેશ માટે ગૌરવપૂર્ણ ક્ષણ છે. ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારજનોને સરળતાથી શ્રેષ્ઠત્તમ આરોગ્ય સુવિધાઓ મળી રહે તે દિશામાં સરકારે પ્રયત્નો હાથ ધરીને આયુષ્માન કાર્ડ અંતર્ગત મળતી રૂ. ૫ લાખની સહાય ને રૂ. ૧૦ લાખ કરવાનો જનહિતલક્ષી નિર્ણય કર્યો છે જેની શરૂઆત થોડાક દિવસોમાં કરવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતુ. અંતે તેમણે દાતાશ્રીઓના યોગદાન બદલ શુભેચ્છાઓ પાઠવી હતી. સાથે જ સોલા સિવિલ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં ડોક્ટરોના સફળ પ્રયત્નોને બિરદાવ્યા હતા અને આવી જ રીતે અન્ય ક્ષેત્રોમાં પણ વિકાસ થતો રહે તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે આરોગ્ય વિભાગના મેડિકલ એજ્યુકેશનના એડિશનલ ડાયરેક્ટર ડૉ. રાધવેન્દ્ર દીક્ષિત, સોલા સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ ડૉ. દીપિકા સિંધ્લ, જી.એમ.ઈ.આર.એસ. સોલા કૉલેજના ડીન ડૉ. નિતીન વોરા, ઈ.એન.ટી. વિભાગના વડા ડૉ. નીના ભાલોડિયા સહિત ડોક્ટર્સ, પ્રોફે સરો, વિદ્યાર્થીઓ અને પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ખોડિયાર જ્યંતિ નિમિત્તે સાબરકાંઠા જિલ્લાના શક્તિ મંદિરોમાં ઠેર ઠેર વિવિધ ધાર્મિક કાર્યક્રમો ઉજવણી

કમલમ્ ન્યુઝ,

ખોડિયાર જયંતિ નિમિત્તે સાબરકાંઠા જિલ્લાના શક્તિ મંદિરોમાં ઠેર ઠેર વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે આસ્થા અને શ્રદ્ધાથી ભક્તોએ માતા ખોડિયાર સહિત દેવી માતાઓની પૂજા અર્ચના સહિતના કાર્યક્રમો થી વામળૂમથી ઉજવણી કરી હતી. સમગ્ર ગુજરાત મહારાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં સતના અજવાળાં અને અનેક પરચાઓથી લોકોની મનોકામનાઓ પૂર્ણ થાય છેને લોકોની રવિવારે હકડેઠઠ ભીડ જોવા મળે છે એવા પૌરાણિક પ્રાંતિજ ખાતે વનવગડામાં શિખરી બધ્ધ મંદિરમાં બિરાજમાન ખેતરવાળા મેલડી માતાજી ના ધામે ખોડિયાર માતાજી ની પણ પ્રતિમા સ્વરૂપે બિરાજેલ ખોડીયાર માતાજીના સ્થાનકે આજે રવિવારે ખોડિયાર જયંતિ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે વામળૂમથી ઉજવણી નું આયોજન મંદિરના સર્વેસર્વા અને માતાજી ના ઉપાસક જય માડી પંકજભાઈ રાવલ ના સાનિધ્યમાં ભક્તોએ ખોડીયાર માતાજીની જયંતિની ઉજવણી કરી હતી.સવાર થીજ પ્રાતઃપૂજન હોમ હવન મહાઆરતી મહાપ્રસાદ અને કેક કાપીને હપી બથ્ડે માંડી ના જય ઘોષ સાથે ઉજવણી કરી હતી.ખોડીયાર માતાજી સહિતની દેવી શક્તિઓનો મહિમા અને પરચાઓ સાથેનાં આખ્યાન પંકજભાઈ રાવલ દ્વારા સંગીતના સથવારે રજુ કરતા ભક્તો હરખાયા હતા. અને વિશ્વશાંતિ માટેની પણ પ્રાર્થના સહિતના કાર્યક્રમો સાથે આ ધાર્મિક ઉત્સવ સંપન્ન થયો હતો.સમગ્ર ઉત્તરગુજરાતના આને મહારાષ્ટ્ર ના ભક્તો રાજકીય આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા..

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના વાલેવડા ધામે માં વાંકલ માતાજીના મંદિરે સતરમો પાટોત્સવ મહોત્સવ ઉજવાયો.

કમલમ્ ન્યુઝ,

ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના વાલેવડા ધામે માં વાંકલ માતાજીનુ ધામ આવેલું છે જ્યાં દર પુનમના દિવસે ? તન્ના પરીવાર સહિત રવુવશી લોહાણા સમાજના હજારો લોકો માં વાંકલ માતાજીના દર્શન પધારે છે જેમાં ખાસ મહા મહીનામાં માતાજીના ખાસ મહીના તરીકે ઉજવવામાં આવે છે ત્યારે આજરોજ મહાસુદ સાતમના દિવસે તન્ના પરીવારના કુળદેવી માતા વાંકલ માતાજીના મંદિરે ૧૭મો પાટોત્સવ મહોત્સવ ઉજવાયો હતો જેમાં મોટીસંખ્યામાં ગુજરાતમાં વસવાટ કરતાં લોહાણા સમાજના તન્ના પરીવારના સભ્યો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં

જ્યારે આજે પાટોત્સવ મહોત્સવ અંતર્ગત વાંકલ માતાજીના મંદિરે યોજાયેલ હવન યજ્ઞમાં તન્ના યોગેશકુમાર ભાઈલાલભાઈ ભીલડી વાળા અને તન્ના અલપેશકુમાર રમેશભાઈ થરાવાળા યજમાન પદે રહ્યા હતા હવન યજ્ઞ સાથે વાલેવડા ધામે માતા વાંકલ માતાજીની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી જેમાં કાવ્યા રાજુભાઈ ઠક્કર પરીવારને માતાજીની મૂર્તિ સાથે બગીમાં બેસવાના લાવો લીધો હતો ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં લોહાણા સમાજના તન્ના પરીવારમાં મહાસુદ ૧ થી પુનમ સુધી માયા ચાલતો હોય તન્ના પરીવાર દ્વારા માતાજીના માયા દરમિયાન શ્રધ્ધા અને વિશ્વાસ સાથે માતાજીની પૂજા અર્ચના કરી ધન્યતા અનુભવે છે અને દર વર્ષે ? મહાસુદ સાતમના દિવસે કાંકરેજ તાલુકાના થરા

ગામથી પગપાળા યાત્રા સંઘમાં ભક્તજનો સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના વાલેવડા ધામે પધારે છે વાલેવડ એતહાસિકમાં વાંકલ માતાજીના મંદિરે હવન યજ્ઞ સાથે પાટોત્સવ મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવે છે જેમાં મોટીસંખ્યામાં ગુજરાતના ખૂણે ખૂણેથી માં વાંકલ માતાજીના મંદિરે દર્શન કરી સહ તન્ના પરીવાર સાથે માતાજીનો ભોજનપસાદ લઈ ધન્યતા અનુભવી હતી

ભરૂચ ખાતે નેશનલ ડે સેલિબ્રેશન એન્ડ સ્ટેટ ફંક્શન અંતર્ગત "એ વતન તેરે લીયે" દેશભક્તિના ગીતોનો કાર્યક્રમ પ્રભારીમંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતીના અધ્યક્ષપદે યોજાયો

કમલમ્ ન્યુઝ,ભરૂચ

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, ગાંધીનગર દ્વારા પ્રેરિત, કમિશનર શ્રી, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર દ્વારા આયોજીત તેમજ જિલ્લા યુવા વિકાસ અધિકારી, ભરૂચ અને જિલ્લા પંચાયત, ભરૂચના સહયારા ઉપક્રમે " એ વતન તેરે લીયે" દેશભક્તિ ગીતોનો કાર્યક્રમ આદિજાતી વિકાસ,શ્રમ અને રોજગાર અને ગ્રામ વિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતીના અધ્યક્ષસ્થાને પંડિત ઓમકારનાથ ઠાકુર હોલ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે પ્રભારી મંત્રીશ્રી કુંવરજી હળપતિએ અધ્યક્ષપદે થી જણાવ્યું હતું કે, ભૃગુઋષિએ વસાવેલી ભરૂચની ધરતી પવિત્ર છે. ભરૂચના પનોતા પુત્ર સંગીત સમ્રાટ પંડિત ઓમકારનાથ, કનૈયાલાલ મુનશીને યાદ કરી પાવન ધરતી ને વંદન કર્યા હતા. પવિત્ર ધરતી પરથી આજના પ્રસંગે દેશની આઝાદીના લડવૈયાની શહાદતને યાદ કરવા માટેનો અવસર છે. વધુ તેમણે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને આ પ્રસંગે શબ્દાજલી અર્પી હતી. ભરૂચ જિલ્લો ઔદ્યોગિક ક્ષેત્રે સમગ્ર ભારતના નકશા ઉપર ચમક્યો છે. ત્યારે ગુજરાત અને અન્ય રાજ્યોથી આવતા તમામ કર્મવિરોની કર્મભૂમિ આપણું ભરૂચ બન્યું એ ભરૂચના નગરજનો માટે ગર્વની વાત છે. આ પ્રસંગે ભરૂચ જિલ્લાના ધારાસભ્ય શ્રી રમેશભાઈ મિસ્ત્રી એ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે,આવતીકાલે ભરૂચનો જન્મદિવસ છે એ નિમિત્તે લોકોને ભરૂચના ભવ્ય થી ભવ્ય ઈતિહાસ વિશે જાણવા મળશે. પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી નિમિત્તે લોકોને માહિતગાર કરવામાં આવશે, તેમ તેમણે જણાવ્યું હતું. આ પ્રસંગે ખ્યાતનામ કલાકાર શ્રી ભાવિન શાસ્ત્રીએ દેશભક્તિ ગીતોની રમઝટ બોલાવીને ઉપસ્થિત લોકોને દેશભક્તિના રંગે તરબોળ કરી મંત્રમુગ્ધ કર્યા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી અલ્પાબેન પટેલે સ્વાગત પ્રવચન તથા રમતગમત અધિકારી સુશ્રી મીતાબેન ગોવલીએ આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી અલ્પાબેન પટેલ , ભરૂચના ધારાસભ્ય શ્રી રમેશભાઈ મિસ્ત્રી, બાંધકામ સમિતિના અધ્યક્ષ શ્રી ધર્મેશ મિસ્ત્રી ,જિલ્લા કલેકટર શ્રી તુષાર સુમેરા,જિલ્લા પોલીસ અધિક્ષક ડો લીના પાટીલ,જિલ્લા વિકાસ અધિકારી શ્રી પી આર જોષી સહિત અન્ય પદાધિકારીઓ અને અધિકારીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતાં.

સમગ્ર પરગણા વણકર સમાજકુટુંબ એપ, મહેસાણા એ કર્મશીલ કાર્યકર્તાઓને વિરમાયા રત્ન એવોર્ડ થી સન્માન કર્યું

સંકલ્પ સંસ્થાના પ્રમુખ રાજેન્દ્ર કે. હિરવાણીયા ને વિરમાયા રત્ન એવોર્ડ

કમલમ્ ન્યુઝ,

સમગ્ર પરગણા વણકર સમાજ કુટુંબ એપ, મહેસાણા દ્વારા વિર મેઘમાયા દેવના બલિદાન દિવસ મહા સુદ સાતમ ના રોજ વિર મેઘમાયા દેવની બલિદાન ભૂમિ પાટણ ખાતે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં વણકર સમાજની જુદી જુદી સંસ્થાઓમાં રહી સામાજિક, શૈક્ષણિક અને આર્થિક સેવાકીય પ્રવુતિઓની ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ "વિરમાયા રત્ન એવોર્ડ" થી સન્માનિત કરવાનો કાર્યક્રમ રાખેલ જેમાં પાટણ શહેરના કર્મશીલ કાર્યકર્તા એવા

સંકલ્પ સંસ્થાના પ્રમુખ અને પાટણ નગરપાલિકા ના કાર્પોરેટર રાજેન્દ્ર કે. હિરવાણીયા ને "વિરમાયા રત્ન એવોર્ડ" થી સન્માનિત કરાયા. ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમ માં સમગ્ર ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી ઉપસ્થિત ૩૫ જેટલા સંસ્થાઓના પ્રમુખ અને કર્મશીલ કાર્યકર્તાને "વિરમાયા રત્ન એવોર્ડ" થી સન્માનિત કરાયા.

સુરત સુમુલ ડેરીના પ્રમુખ તરીકે સતત ત્રીજીવાર માન સિંહભાઈ પટેલની વર્ણી થતા મહુવા સુગર ખાતે સન્માન સમારંભ કાર્યક્રમ યોજવામાં આવ્યો

કમલમ્ ન્યુઝ,મયુર પટેલ

મહુવા તાલુકાના બામણીયા સુગર ફેક્ટરી ના પ્રમુખ અને હાલમાં સુરત સુમુલ ડેરીના પ્રમુખ તરીકે ત્રીજીવાર વરણી થતા પશુપાલકો અને ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી જેના અનુસંધાનમાં મહુવાના બામણીયા સુગરના ડિરેક્ટરો પશુપાલકો અને ખેડૂતો દ્વારા માન સિંહભાઈ નું ભવ્ય સ્વાગત થાય એ બાબતનું આયોજન કરી મહુવા સુગર ફેક્ટરી ખાતે તમામ ખેડૂતો પશુપાલકો ડિરેક્ટરો અને માન સિંહભાઈ ના ચાહકો સૌ સાથે મળી મહુવા સુગર ખાતે પધારેલી માનસિંહ ભાઈ નું ફૂલહાર અને ગુલદસ્તા લઈ પોત પોતાની રીતે ખૂબ આનંદથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું જેમાં માન સિંહભાઈ ના બાળપણમાં ભણાવતા આચાર્યને પણ આમંત્રિત કરવામાં આવ્યા હતા અને એમણે પણ માનસિંહ ભાઈ ની બાળપણના ભણતર વિશે લોકોને જાણકારી આપી હતી ત્યારબાદ મહુવા સુગર ડિરેક્ટર વિપુલભાઈ, તુષાર ભાઈ, રાકેશભાઈ ,અને સુનિલભાઈ પરમાર,અને અન્ય ડિરેક્ટરો સાથે સાથે માનસિંહભાઈ ના કામગીરી પર લોકોએ અલગ અલગ વ્યાખ્યા આપી ઉપસ્થિત મહેમાનોને જાણ કારી આપી હતી. ત્યારબાદ મહુવા સુગર અને સુરત સુમુલ ડેરીના પ્રમુખ તરીકે હાલમાં કામગીરી કરી રહેલા એવા માનસિંહભાઈ પટેલે તમામ ડેરીના પ્રમુખોને પશુઓની ચિંતા કરવા માટે એટલે કે આપણા ગામમાં કેટલા પશુઓ છે એની યાદી તૈયાર કરવા જણાવ્યું હતું અને સાથે સાથે કેટલા પશુઓ દૂધ આપે છે અને કેટલા નથી આપતા અને પશુઓને પૂરતો ઘાસચારો મળી રહે છે કે નહીં તેની જાણ કારી અને ચિંતા કરવા માટે સૂચન કરવામાં આવ્યું હતું અને સાથે સાથે ખેડૂતોને પણ એક એકરે હાલમાં ૨૫ થી ૩૦ ટન શેરડી પકવતા ખેડૂતોને આવનાર સમયમાં એક એકરે ૫૦ ટન શેરડી કેવી રીતે પકવવીએ બાબતે સુગરના પ્રમુખશ્રીએ જાણકારી આપી હતી માનસિંહ ભાઈ દ્વારા તમામ લોકોને એમ જણાવ્યું હતું કે કોઈ સુગરના કે કોઈ ડેરીના કે કોઈ સમાજના હોદા લઈ ઓળખ બનાવવી એના કરતાં કામ કરી ઓળખ બનાવી એ અગત્યનું છે જેથી તમામ લોકોના કામ કરી ઓળખ બનાવવા સૂચન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહેમાનોનું માનસિંગભાઈ અને ડિરેક્ટરઓએ સૌનું અભિવાદન કરી આભાર વ્યક્ત કર્યો હતો .

આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટ સાયન્સીસ (GUTS)નો ત્રીજો પદવીદાન સમારોહ સંપન્ન

GUTS દ્વારા પ્રત્યારોપણ ક્ષેત્રે કરવામાં આવી રહેલી કામગીરી રાજ્ય અને દેશ માટે ઉદાહરણીય - આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ

- શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સિવિલ મેડિસિટીના જોયેલા સ્વપ્નનું નિર્માણકાર્ય પૂર્ણતાના આરે
- રીટ્રાઇવલથી પ્રત્યારોપણની અત્યંત પડકારજનક કામગીરી સિવિલના તબીબો દ્વારા નિષ્ઠા અને ખંતપૂર્વક કરવામા આવી રહી છે
- સિવિલ મેડિસિટીના પરિણામે ગુજરાતના મેડિકલ ટુરિઝમમાં વધારો થયો છે

કમલમ્ ન્યુઝ,

આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં અમદાવાદ સિવિલ મેડિસિટીમાં આવેલી ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટ સાયન્સીસ (GUTS)નો ત્રીજો પદવીદાન સમારંભ સંપન્ન કરવામાં આવ્યો. GUTSના વાઇસ ચાન્સેલર અને SOTTO નાકન્વીનર ડો.પ્રાંજલ મોદી સહિત સિવિલ મેડિસિટીની વિવિધ હોસ્પિટલ અને કોલેજના ડાયરેક્ટર, ડીન અને સુપ્રીટેન્ડન્ટ શ્રીઓએ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. મંત્રી શ્રી ઋષિકેશ પટેલે આ પદવીદાન સમારંભમાં મેડિકલ વિદ્યાર્થીઓ અને ઉપસ્થિત તબીબોને તેમના નિષ્ઠાપૂર્વકના સેવાકીય કાર્યને બિરદાવીને તમામનો ઋણ સ્વીકાર કર્યો હતો.તબીબો દ્વારા ગરીબ અને દરીદ્રનારાયણ દર્દીઓની સેવા-સુશ્રુષા- સારવાર અને નવજીવન બક્ષવાની કરવામાં આવી રહેલી અસરકારક અને જનહિતલક્ષી કામગીરીને બિરદાવીને હતી. તેમણે વધુમાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સિવિલ મેડિસીટીના ડેવલપમેન્ટના જોયેલા સ્વપ્નનું નિર્માણ કાર્ય હવે પૂર્ણતાના આરે છે. સિવિલ મેડિસિટીમાં ઉપલબ્ધ તમામ તબીબી અને સુપરસ્પેશ્યાલિસ્ટ સેવાઓ રાજ્ય અને દેશની અન્ય હોસ્પિટલ માટે પણ ઉદાહરણીય બની છે. સિવિલ મેડિસિટી કેમ્પસમાં રીટ્રાઈવલ અને ટ્રાન્સપ્લાન્ટની સુવિધા એક જ સ્થળે ઉપલબ્ધ થતાં ઘણાં જરૂરિયાતમંદ અને પીડિત દર્દીઓને નવજીવન મળી રહ્યું છે. રીટ્રાઇવલથી પ્રત્યારોપણની પ્રક્રિયાઓ અત્યંત પડકારજનક હોવાનું જણાવી સિવિલ અને સોલા‌ની ટીમ દ્વારા આ કામગીરી નિષ્ઠા અને ખંતપૂર્વક કરવામા આવી રહી હોવાનું જણાવ્યું હતું. સિવિલ મેડિસિટીમાં ઉપલબ્ધ વિવિધ સુપર સ્પેશ્યાલિસ્ટ ઓર્ક ટ્રાન્સપ્લાન્ટ સાયન્સીસ પ્રત્યારોપણ ક્ષેત્રે કાર્ય કરતી દેશની એકમાત્ર સરકારી સંસ્થા હોવાનું જણાવ્યું હતું. આવનારા સમયમાં પીડિયાટ્રીક નેફ્રોલોજી અને ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રેના અભ્યાસક્રમ શરૂ કરવાની દિશામાં યુનિવર્સિટી ના પ્રયાસો હોવાનું પણ જણાવ્યું હતું. આ અભ્યાસક્રમ અને તાલીમ શરૂઆતાબાળદર્દીઓનેઆશીર્વાદરૂપ નીવડશે, તેમ તેમણે ઉમેર્યું હતુ. આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલની વિશેષઉપસ્થિતિ,કિડનીઇન્સ્ટિટ્યુટના સંસ્થાપક ડો. એચ. એલ.ત્રિવેદીના ધર્મપત્ની શ્રીમતી સ્મીતા ત્રિવેદી અને અન્ય મહાનુભાવોની સહ ઉપસ્થિતિમાં૧૭જેટલાટ્રાન્સપ્લાન્ટ સર્જનો – વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી.

સેવાઓના પરિણામે ગુજરાતના મેડિકલ ટુરિઝમમાં વધારો થઈ રહ્યો છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. આ ક્ષણે તેમણે પદવી મેળવી રહેલા તબીબી વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે અભિનંદન પાઠવીને તેઓને જીવનમાં પોતાના કૌશલ્યનો ઉપયોગ કરીને સમાજસેવાની પ્રવૃતિઓ કરવા માટે પણ પ્રેર્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને મેડિકલ ક્ષેત્રે સમયતારે આવી રહેલા ટેકનીકલ બદલાવને અપનાવીને સતત અપડેટેડ રહીને જ્ઞાનવર્ધન માટે પણ પ્રેરણા આપી હતી. આ પ્રસંગે રૈંજીના વાઇસ ચાન્સેલર ડો. પ્રાંજલ મોદીએ ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રે કરવામાં આવી રહેલી કામગીરીનો ચિતાર રજૂ કર્યો હતો. તેમણે ગુજરાત યુનિવર્સિટી આસપાસની ગ્રામ્ય શાળામાં શાળા આરોગ્ય જાગૃતિ ૬૦૦૦ લાભાર્થી સહિત કુલ લાભાર્થી- ૧૨ હજાર લાભાર્થીઓએ લાભ લીધો હતો. આ આયુષ મેળાનું ધારાસભ્ય શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા,અગ્રણી શ્રી અગ્નિભાઈ પટેલ,જિલ્લા પંચાયત આરોગ્ય શાખાના ચેરમેનશ્રી નિલેશભાઈ પુરાણી, તાલુકા પંચાયત પ્રમુખ ચંપાબેન વણકર, ઉપપ્રમુખ શાંતિલાલ રબારી,સરપંચ શ્રી વસવેલ મહેશભાઈ વકીલની ઉપસ્થિતિમાં પ્રારંભ કરવામાં આવ્યો હતો. મહાનુભાવોએ આયુષ મેળાના મહત્તમ લાભ લેવા જણાવ્યું હતું. આ મેળામાં જિલ્લા આયુર્વેદ અધિકારી અને મેડિકલ અધિકારીઓ તથા પારુલ આયુર્વેદિક હોસ્પિટલના ઈન્ટર્ન તબીબો દ્વારા કામગીરી કરવામાં આવી હતી. આયુષ મેળામાં આયુર્વેદ તજજ્ઞો દ્વારા નિદાન સારવાર નો બહોળો પ્રચાર,આયુર્વેદ પંચકર્મ તજજ્ઞો દ્વારા સારવાર, અગ્નીકર્મ તજજ્ઞ દ્વારા સારવાર નિદર્શન, હરસ મસા ભગંદરનાં નિષ્ણાંત તજજ્ઞ દ્વારા નિદાન સારવાર, આંખ નાક ગળાનાં તપાસ ૩૪૫, વાઘોડિયા અને આસપાસની ગ્રામ્ય શાળામાં શાળા આરોગ્ય જાગૃતિ ૬૦૦૦ લાભાર્થી સહિત કુલ લાભાર્થી- ૧૨ હજાર લાભાર્થીઓએ લાભ લીધો હતો. આ આયુષ મેળાનું ધારાસભ્ય શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા,અગ્રણી શ્રી અગ્નિભાઈ પટેલ,જિલ્લા પંચાયત આરોગ્ય શાખાના ચેરમેનશ્રી નિલેશભાઈ પુરાણી, તાલુકા પંચાયત પ્રમુખ ચંપાબેન વણકર, ઉપપ્રમુખ શાંતિલાલ રબારી,સરપંચ શ્રી વસવેલ મહેશભાઈ વકીલની ઉપસ્થિતિમાં પ્રારંભ કરવામાં આવ્યો હતો. મહાનુભાવોએ આયુષ મેળાના મહત્તમ લાભ લેવા જણાવ્યું હતું. આ મેળામાં જિલ્લા આયુર્વેદ અધિકારી અને મેડિકલ અધિકારીઓ તથા પારુલ આયુર્વેદિક હોસ્પિટલના ઈન્ટર્ન તબીબો દ્વારા કામગીરી કરવામાં આવી હતી. આયુષ મેળામાં આયુર્વેદ તજજ્ઞો દ્વારા નિદાન સારવાર નો બહોળો પ્રચાર,આયુર્વેદ પંચકર્મ તજજ્ઞો દ્વારા સારવાર, અગ્નીકર્મ તજજ્ઞ દ્વારા સારવાર નિદર્શન, હરસ મસા ભગંદરનાં નિષ્ણાંત તજજ્ઞ દ્વારા નિદાન સારવાર, આંખ નાક ગળાનાં રોગોનું તજજ્ઞ દ્વારા નિદાન સારવાર,સ્ત્રી રોગોમાં વિશેષ ઉત્તર બસ્તી અને વંધ્યત્વ તેમજ માસિકની પીડાઓ માટે તજજ્ઞ દ્વારા નિદાન સારવાર, બાળકોમાં કૃપોષણ અને અન્ય સમસ્યાઓનું તજજ્ઞ દ્વારા નિદાન સારવાર તથા જિલ્લામાં વિશેષ કાર્યરત આયુષ બાલ સંજીવની પ્રોજેક્ટની સમજ,હોમીઓપેથી પદ્ધતિથી વિશેષ તજજ્ઞો દ્વારા નિદાન સારવાર ,યોગાસન શિબિર, વયસ્ક લોકોની સ્વાસ્થ્ય તપાસ જરા ચિકિત્સા, આયુર્વેદિક તથા પોષક વાનગી નિદર્શન, રસોડામાં ઉપયોગી તથા આસપાસની આયુર્વેદ વનસ્પતિ ચાર્ટ દ્વારા નિદર્શન કરવામાં આવ્યું હતું. જિલ્લા આયુર્વેદ અધિકારી ડો. સુધીર જોશી અને તેમની ટીમ દ્વારા મેળાને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે શ્રી પારુલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ એન્ડ રિસર્ચના ડો. બી.જે.કુલકર્ણી, ડો.તોંપીખાના, સરકારી આયુર્વેદ હોસ્પિટલના અધિક્ષક ડો. નીલમ દેવરે, શાળાના વિદ્યાર્થીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

વાઘોડિયામાં વડોદરા જિલ્લાનો બીજો આયુષ મેળો યોજાયો: ૧૨ હજારથી વધુ લાભાર્થીઓએ લાભ લીધો

મોખા ગામે હિંગળાજ માતાજીના મંદિરનું નવનિર્માણ સંપન્ન :મંદિર દર્શનાર્થે ખુલ્લુંમુકાયું

નાયબ કલેકટર સહિત તાલુકાના અધિકારી - પદાધિકારીઓ શુભ પ્રસંગના સાક્ષી બન્યા

કમલમ્ ન્યુઝ,મોખા

મુંદરા તાલુકાના મોખા ગામે આવેલા ૨૦૦ વર્ષ પુરાણા હિંગળાજ માતાજીના મંદિરનું તાજેતરમાં સ્વ. શિવુભા હમીરજી જાડેજા પરિવાર દ્વારા નવનિર્માણ કરાવી ધામધૂમથી માતાજીની મૂર્તિ સ્થાપના, હવન, ધ્વજારોહણ જેવા ધાર્મિક કાર્યક્રમો સાથે મંદિરને દર્શનાર્થે ખુલ્લું મુકાયું હતું. મંદિર નવનિર્માણના દાતા જગુભા શીવુભા જાડેજાએ જણાવ્યું હતું કે માતાજી પ્રત્યેની અખૂટ શ્રધ્ધા અને તેમના આર્શીવાદથી જ મંદિરના નવનિર્માણનું કાર્ય સિદ્ધ થઈ શક્યું છે અને માતાજીની અસીમ કૃપા ગામલોકો પર સદાય બની રહે તેવી શુભેચ્છા પાઠવતા નવનિર્મિત મંદિર ગ્રામજનોને અર્પણ કરેલ. અત્રે ઉલ્લેખનીય છે કે દાતાશ્રીના પિતા સ્વ. શીવુભા હમીરજી જાડેજા પણ હિંગળાજ માતાજી પર અતૂટ શ્રધ્ધા ધરાવતા હતા અને તેમના સમયગાળામાં તેઓએ અનેક ધાર્મિક કાર્યો હાથ ધર્યા હતા તથા તેમના ભાઈ સ્વ. ચકુભા શીવુભા જાડેજાએ ૨૫ વર્ષ સુધી મોખા ગામના સરપંચપદે રહીને અનેક ધાર્મિક, પ્રજાલક્ષી અને વિકાસલક્ષી કાર્યો કર્યા હતા જેને હજુ પણ ગામ લોકો યાદ કરી રહ્યા છે. વધુમાં ૨૦૦૧ના ભૂકંપ વખતે કચ્છની જેમ મોખા ગામમાં પણ અતિશય નુકસાન થયેલ જેમાં ગામની શાળા ધ્વસ્ત થઈ જતા નવી પ્રાથમિક શાળાના નિર્માણ માટે પણ જગુભા શીવુભા જાડેજાએ જમીન દાનમાં આપી સંસ્થા મારફતે શાળાનું નવનિર્માણ કરાવી મહત્વનું યોગદાન આપેલ. મંદિર નવનિર્માણ પ્રસંગે સમગ્ર ગ્રામજનો ઉપરાંત મુંદરાના નાયબ કલેકટર ચેતન મિસણ, તાલુકા પંચાયતના પ્રમુખ રાણીબેન ચેતનભાઈ ચાવડા, મામલતદાર વી. એ. પટેલ, તાલુકા વિકાસ અધિકારી અનિલ ત્રિવેદી, મોખાના સરપંચ સહિત પંચાયતના તમામ સભ્યો અને તાલુકાના સામાજિક અગ્રણીઓ તથા કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહી શુભ પ્રસંગના સાક્ષી બન્યા હતા. યજમાન પરિવારના સદસ્ય વસિંહ, નિર્મળસિંહ વિગેરે પૂજનવિધિ કરાવી આર્શીવાદ મેળવ્યા હતા. શાસ્ત્રોક્ત વિધિ કિરણ મારાજ અને કિશન આચાર્યએ કરાવી હતી.

'કમલમ્ ' સાથે ડિરેક્ટર મેહુલ કુમારે વાગોળ્યા સંસ્મરણ

સુપરહિટ ફિલ્મ 'તિરંગા'ના ત્રણ દાયકા અકબંધ લોકપ્રિયતાએ બનાવી એવરગ્રીન

કમલમ્ ન્યુઝ, ભાવેશ તન્ના

જામનગરના વતની અને પ્રસિદ્ધ દિગ્દર્શક મેહુલ કુમારે ડાયલોગ ડિલિવરીનાં સમ્રાટ રાજકુમાર અને આગવો અભિનય અંદાજ ધરાવતા નાના પાટેકર સાથે નિર્માણ કરેલ તિરંગા ફિલ્મ ૧૯૯૩ માં ૨૯ જાન્યુઆરીએ રિલીઝ થઈ હતી. દેશભક્તિની થીમ પર આધારિત આ ફિલ્મ રાજકુમાર અને નાના પાટેકરની અદ્વિતીય જુગલબંધીને કારણે સુપરહિટ સાબિત થઈ હતી. ફિલ્મનું ટાઈટલ સૉંગ 'મેરી જાન તિરંગા હૈ' દેશભક્તિના અમર ગીતોમાં સ્થાન પામ્યું છે. પ્રજાસત્તાક પર્વ હોય કે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી તિરંગાનું ગીત અચૂક ગુંજતુ હોય છે. ફિલ્મ રિલીઝ થયાને ૩ દાયકા પૂર્ણ થતા દિગ્દર્શક મેહુલ કુમારે 'કમલમ્ ' સાથે દિગ્દર્શક મેહુલ કુમારે વાગોળ્યા સંસ્મરણો સાથે ફિલ્મના સંસ્મરણો તાજા કર્યા હતાં. ફિલ્મ દરમ્યાન રાજકુમાર અને નાના પાટેકર વચ્ચેના અબોલાથી લઈ નિર્માણ દરમ્યાન થયેલા વિવિધ અનુભવો અંગે વાત કરતા મેહુલ કુમાર ભાવુક થઈ જાય છે. હજુ પણ ગણતંત્ર દિન અને સ્વાતંત્ર્ય દિન પર વિવિધ ટીવી ચેનલો ઉપર તિરંગા દર્શાવવામાં આવે છે અને તેને સારી ટીઆરપી મળે છે. એ બાબત આ ફિલ્મને એવરગ્રીનની કેટેગરીમાં મૂકી આપે છે. ૨૯મી જાન્યુઆરી ૧૯૯૩ના રોજ નિર્માતા-નિર્દેશક મેહુલ કુમારની રાજ કુમાર અને નાના પાટેકર અભિનીત સુપરહિટ ફિલ્મ રિલીઝ થઈ હતી. ૩૦ વર્ષ પછી પણ આ ફિલ્મ દરેક ટીવી ચેનલ અને ઈવેન્ટોનિક મીડિયા પર હિટ છે. દર ૨૬મી જાન્યુઆરી અને ૧૫મી ઓગસ્ટ બે રાષ્ટ્રીય દિવસોએ તે ટીવી ચેનલ પર ૩૦ વર્ષથી ચાલુ રહે છે. આ સુપરહિટ ફિલ્મની કેટલીક યાદો

અંકલેશ્વર યુવા ભાજપ દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝ ની જન્મ જયંતિ નિમિતે રકતદાન શીબીર યોજાઈ

અંકલેશ્વર શહેર અને તાલુકા ભાજપ યુવા મોરચા દ્વારા રક્તદાન શિબિર નું આયોજન કરાયું

વડોદરા ની ધ્વનિ બલ્ડ બેંક ના સહયોગ થી રકતદાન શિબિર યોજાઈ

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

અંકલેશ્વર શહેર તાલુકા યુવા ભાજપ મોરચા દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝ ની જન્મ જયંતિ નિમિતે ભીડભંજન હનુમાનજી મંદિર ખાતે રકતદાન શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં યુવા મોરચા ના કાર્યકરો એ રકતદાન કર્યું હતું . નેતાજી સુભાષચંદ્ર બોઝ ની જન્મ જયંતિ નિમિતે સમગ્ર ગુજરાત માં યુવા ભાજપ મોરચા દ્વારા રક્તદાન શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું

ત્યારે અંકલેશ્વર શહેર અને તાલુકા યુવા ભાજપ મોરચા દ્વારા વડોદરા ની ધ્વનિ બ્લડ બેંક ના સહયોગ થી હાંસોટ રોડ ઉપર આવેલ ભીડભંજન હનુમાનજી મંદિર ખાતે રક્તદાન શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું ,આ રક્તદાન શિબિર નો શહેર ભાજપ પ્રમુખ નરેન્દ્ર પટેલ. ભરૂચ જિલ્લા યુવા મોરચા ના મહામંત્રી ધર્મેન્દ્ર પુંકણા ,અને નગર પાલિકા પ્રમુખ વિનય વસાવા ના હસ્તે દીપપ્રાગટ્ય દ્વારા પ્રારંભ કરવામાં આવ્યો હતો રક્તદાન શિબિર માં યુવા મોરચા ના હોદેદારો અને કાર્યકરો એ રક્તદાન કર્યું હતું

આ પ્રસંગેશહેર યુવા ભાજપ પ્રમુખ દક્ષેશ મોદી ,યુવા મહામંત્રી સંજય પટેલ ,જીગર પટેલ ,જનક શાહ સહીત મહિલા મોરચા ના હોદેદારો તેમજ પાલિકા ના સભ્યો એ રક્તદાન કર્યું હતું

અંકલેશ્વર ઓએનજીસી કોલોની ખાતે થાનથાઈ પેરિયાર વોલીબોલ ટુર્નામેન્ટ યોજાઈ

ઓલ ઇન્ડિયા ઓબીસી એન્ડ એમઓબીસી એમ્પ્લોઇઝ વેલ્ફેર એસોસીએશન દ્વારા આયોજન કરાયું

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

અંકલેશ્વર ઓએનજીસી કોલોની ખાતે ઓલ ઈન્ડિયા ઓબીસી એન્ડ એમઓબીસી એમ્પ્લોઈઝ વેલ્ફેર એસોસીએશન દ્વારા બીજા થાનથાઈ પેરિયાર વોલીબોલ ટુર્નામેન્ટ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૮ જેટલી ટીમોએ ભાગ લીધો હતો. અંકલેશ્વર ઓએનજીસી ઓલ ઈન્ડિયા ઓબીસી એન્ડ એમઓબીસી એમ્પ્લોઈઝ વેલ્ફેર એસોસીએશન દ્વારા કોલોની ખાતે થાનથાઈ પેરિયાર ઓલ ઈન્ડિયા વોલીબોલ ટુર્નામેન્ટ નું આયોજન કરવામાં આવ્યું હતું આ ટુર્નામેન્ટ માં ઓએનજીસી ,સુરત સ્પાઇકર ,વડોદરા સિનિયર ,વડોદરા જુનિયર ,નવસારી સ્પાઇકર ,વડોદરા ની ન્યુ ઇરા ક્લબ ,ત્યારા સ્પાઇકર અને અંકલેશ્વર ફ્લાઈંગ મણી કુલ ૮ જેટલી ટીમોએ ભાગ લીધો હતો. ટુર્નામેન્ટ ના પ્રારંભ અગાઉ ઓએનજીસી ઓફિસ સીટિંગ એસેટ મેનેજર પી.એલ આહિરવાલ સહીત ઉપસ્થિત અધિકારીઓ દ્વારા થાનથાઈ પેરિયારજી ની તસવીર ઉપર પુષ્પો અર્પણ કરી ટુર્નામેન્ટ નો પ્રારંભ કરવામાં આવ્યો હતો આ પ્રસંગે ઓલ ઈન્ડિયા ઓબીસી એન્ડ એમઓબીસી એમ્પ્લોઈઝ વેલ્ફેર એસોસીએશન ના ચેરમેન સુરેશ પટેલ ,સેક્રેટરી વિષ્ણુ ભાટિયા ,સ્પોર્ટ મેનેજર જે બી પટેલ રસીદખાન પઠાણ સહીત ના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા

સુરતવાસીઓને રૂા.૨,૪૧૬ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોની ભેટ ધરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રીના હસ્તે રૂ.૧૫૬૦ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહુર્ત અને રૂ.૮૦૮.૬૩ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સુરત મહાનગરપાલિકા તથા સુડાના રૂા.૨,૪૧૬ કરોડના ખર્ચે વિવિધ વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ કરતા ગર્વભેર જણાવ્યું કે, 'રાજ્ય સરકારે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોનું 'ઘરના ઘર'નું શમણું સાકાર કરવામાં કોઈ કસર છોડી નથી. દરેકને માથે છતની નેમને અનુસરીને રાજ્ય સરકારે રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૧૦ લાખથી વધુ આવાસોનું નિર્માણ કર્યું છે, જે પૈકી લાભાર્થી પરિવારોને ૭ લાખ આવાસોનું પઝેશન પણ મળી ચૂક્યું છે.' કેન્દ્રીય રેલ્વે અને ટેક્ષટાઈલ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ, સુરત જિલ્લા પ્રભારી મંત્રી અને નાણા, ઉર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી, વન અને પર્યાવરણ રાજ્ય મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ, શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયાની વિશેષ ઉપસ્થિતિમાં ઉધના દરવાજા, રિંગ રોડ ખાતે આયોજિત સમારોહમાં મુખ્ય મંત્રીશ્રીએ રૂ.૧,૩૪૪ કરોડના ખર્ચે સુરત મહાનગરપાલિકાના આઈકોનિક મુખ્ય વહીવટી ભવનના રૂપમાં સાકાર થનાર દેશની સૌથી ઊંચી ઓફિસ બિલ્ડીંગ સહિતના રૂા.૧૫૬૦ કરોડના વિકાસકાર્યોના ખાતમુહુર્ત અને રૂ.૮૦૮.૬૩ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીના હસ્તે રૂ.૪૭ કરોડના ખર્ચે સુડા નિર્મિત PM આવાસ યોજનાના ૫૦૩ મકાનોનો કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો પણ યોજાયો હતો. જેમાં પ્રતિક રૂપે ૭ લાભાર્થીઓને ચાવીઓ આવાસની ચાવી અર્પણ કરવામાં આવી હતી. સુરત મહાનગરપાલિકાની વિકાસલક્ષી કામગીરીને બિરદાવતા મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, સુરતે શહેરીકરણ, સ્વચ્છતા અને માળખાકીય સુવિધાઓના ક્ષેત્રે સફળ કામગીરી કરી બતાવી છે. સુરતવિશ્વ કક્ષાનું શહેર બને એ માટે પાલિકાનું નવા આઈકોનિક ભવન સહિત ડુમસ સી ફેઝ પ્રોજેક્ટ અને ઈકોટુરિઝમ, તાપી શુદ્ધિકરણ, તાપી નદી પર બહુહેતુક કન્વેન્શન બેરેજ, ફ્લડ પ્રોટેક્શન વોલ, નવું ગાંધીસ્મૃતિ ભવન ઓડિટોરીયમ, શહીદ સ્મારક, સ્વીમેર હોસ્પિટલ વિસ્તરણનું કાર્ય, સ્કૂલોના રિનોવેશન અને નવી શાળાઓનું બાંધકામ જેવા વિકાસ પ્રકલ્પો પ્રગતિમાં છે,

અને પ્રોજેક્ટસ ઝડપભેર પૂર્ણ થાય એ દિશામાં સુનિયોજિત કાર્ય થઈ રહ્યું છે. જનસુવિધા વધારતા પ્રકલ્પોઝડપભેર પૂર્ણ કરવા માટે સુરત મહાનગરપાલિકાને સહાયરૂપ થવા રાજ્ય સરકાર સદાય તત્પર હોવાનું તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું. વડાપ્રધાનશ્રી ગ્રીન એનર્જીના પ્રેરક છે, તેમના સ્વચ્છ ઉર્જાના વિઝન અનુસાર પુનઃપ્રાપ્ય ઉર્જાનો ઉપયોગ વધારવા માટે સુરત મહાનગરપાલિકા વર્ષ ૨૦૨૫ સુધીમાં શહેરી બસ સેવાની તમામ બસોને ઈ-બસોમાં પરિવર્તિત કરવાનું લક્ષ્ય રાખ્યું છે એમ જણાવી આ પહેલની મુખ્ય મંત્રીશ્રીએ સરાહના કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ આઝાદીના અમૃતકાળમાં દેશને આત્મનિર્ભર અને વિકસિત બનાવવાનું સ્વપ્ન સેવ્યું છે ત્યારે ગરીબ, વંચિત, છેવાડાના માનવીની અપેક્ષાઓને પૂર્ણ કરવા વડાપ્રધાનશ્રીના ગુડ ગવર્નન્સ (સુશાસન)ના ચીલે ચાલીને રાજ્ય સરકાર પણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસની સાથે સામાન્યજનની સુખાકારીને પ્રાથમિકતા આપી રહી છે. આ વેળાએ આવાસ મેળવનાર લાભાર્થીઓને અભિનંદન આપતા મુખ્ય મંત્રીશ્રીએ નવા આવાસો પરિવારની સુખ શાંતિ માટે ફળદાયી નીવડે એવી શુભકામનાઓ પણ પાઠવી હતી. સાથોસાથ આઝાદીના અમૃત કાળમાં સુરતવાસીઓ વિકાસની રાહમાં જીઈઈને અગ્રીમ સહયોગ આપે તેમજ સુરતે છેલ્લા બે દાયકામાં તમામ ક્ષેત્રે બે કદમ આગળ વધીને અપ્રતિમ વિકાસ સાથી ગુજરાતના સર્વાંગી વિકાસમાં ભાગીદાર બન્યું છે, ત્યારે ખરા અર્થમાં સુરત ખૂબસુરત બની રહે તેવી આશા વ્યક્ત કરી હતી. પ્રારંભે મ્યુ.કમિશનર શાલિની અગ્રવાલે મુખ્યમંત્રીશ્રી સહિત મહાનુભાવોને આવકારતા સુરત મનપાની વિકાસ અભિમુખ કામગીરીની રૂપરેખા આપી હતી. મુખ્ય મંત્રીશ્રીના હસ્તે ભૂમિપૂજન થયું તે આઈકોનિક બિલ્ડીંગ ભારતનું સૌપ્રથમ સૌથી ઊંચું G±27 માળનું પાલિકાનું નવું ઓફિસ બિલ્ડીંગ સુરતમાં આકાર લેશે. ૧૦૫.૩ મીટર ઊંચી G±27 માળની બે અદ્યતન આઈકોનિક ઈમારતો દેશની સૌથી ઊંચી સરકારી ઈમારત બનવાનું બહુમાન મેળવશે. જેનો રાજ્ય-કેન્દ્ર સરકાર અને મહાનગરપાલિકા સંયુક્ત ઉપયોગ કરશે.

આ પ્રસંગે ધારાસભ્ય સર્વશ્રી પૂર્ણેશભાઈ મોદી, વિનોદભાઈ મોર ડિયા, સંદિપભાઈ દેસાઈ, સંગીતાબેન પાટીલ, કાંતિભાઈ બલર, પ્રવીણભાઈ ઘોઘારી, અરવિંદભાઈ રાણા, મનુભાઈ પટેલ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ અને સાંસદશ્રી સી. આર. પાટીલ, મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા, જિલ્લા કલેકટરશ્રી આયુષ ઓક, પોલીસ કમિશનર શ્રી અજય તોમર, પ્રાદેશિક નગરપાલિકા નિયામકશ્રી અરવિંદ વિજયન સહિત પાલિકાના પદાધિકારી-અધિકારીઓ, અગ્રણીઓ અને શહેરીજનો, PM આવાસના લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ દ્વારા સન્માન સમારોહ યોજાયો

કમલમ્ ન્યુઝ,

અમદાવાદમાં સમસ્ત ગુજરાત બ્રહ્મ ગૌરવ અને સન્માન સમારોહમાં સંબોધન કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, આદરણીય નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં દરેક સમાજને રાજયના વિકાસમાં જોડીને જનભાગીદારીની સંસ્કૃતિ વિકસાવી છે. જેના પરિણામે દરેક સમાજનો સરકાર પર ભરોસો વધ્યો છે. ભારતીય સંસ્કૃતિના પુનરુત્થાન માટે થઈ રહેલા કાર્યોનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રી શ્રીએ જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈના નેતૃત્વમાં દેશના દરેક ભાગમાં આપણી સંસ્કૃતિનું એક પ્રકારે પુનઃ સ્થાપન થઈ રહ્યું છે. ઉત્તર ભાગમાં કેદારનાથધામમાં આદિ શંકરાચાર્યની પ્રતિમા સ્થાપાઈ, કાશીવિશ્વનાથ કોરિડોરનું નિર્માણ, પૂર્વ ભાગમાં જગન્નાથ કોરિડોર, પશ્ચિમ ભાગમાં સોમનાથને સુવર્ણજડિત કરવાનું અને મધ્યમાં મહાકાલ લોકનું નિર્માણ કરાયું છે. આ ઉપરાંત સમગ્ર હિંદુ સમાજના આસ્થાના પ્રતિક સમાન રામ મંદિરના નિર્માણનું કાર્ય ચાલી રહ્યું છે. આમ દેશના ભાગમાં આપણી સંસ્કૃતિને ભવ્ય દિવ્ય બનાવવાનું કામ થઈ રહ્યું છે. અમદાવાદની બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના હોલ ખાતે સમસ્ત બ્રહ્મ સમાજ ગૌરવયાત્રા અને સન્માન સમારોહ આયોજીત કરવામાં આવ્યો હતો. સમારોહને સંબોધિત કરતા મુખ્ય મંત્રી શ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, બ્રહ્મ સમાજ ભારતીય સંસ્કૃતિનો અનન્ય વાહક છે. તેમણે કહ્યું કે,ભારતીય સભ્યતા પરંપરાના સંવર્ધનમાં બ્રહ્મ સમાજનું અનેરૂ યોગદાન છે. ગુરૂ-શિષ્ય-ની પરંપરા અને સ્મૃતિ દ્વારા શ્રુતિઓની જાણવણી બ્રહ્મ સમાજે કરી છે. આજ તકે સન્માનિત થનાર તમામને મુખ્યમંત્રીશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે, આજે સમગ્ર વિશ્વ 'વસુધૈવ કુટુમ્બકમ્'ના ભારતીય વિચારને સ્વીકારી રહ્યું છે. આજે દેશ આઝાદીના અમૃતકાળમાં પ્રવેશ્યો છે. અમૃતકાળમાં ભારતે બે મહત્વની સિદ્ધિઓ હાંસલ કરી છે. ભારત વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા બન્યું છે અને બીજું ૨૦ યજમાનીનો અવસર મળ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, અમૃતકાળમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને પાંચ મંત્રો આપ્યા છે. જેમાં વિકસીત ભારતનું નિર્માણ, ગુલામીની માનસિકતામાંથી બહાર આવવું, વિરાસતનું જતન, એકતા, કર્તવ્ય પરાયણ નાગરિકોનું નિર્માણ કરવાનો આપણો લક્ષ્યાંક છે. તેમણે કહ્યું કે, સમાજ નિર્માણ થકી રાષ્ટ્રનિર્માણના આપણો સંકલ્પ છે. ભારતની પ્રગતિ માટે વડાપ્રધાન શ્રીએ આત્મનિર્ભરતાનો મંત્ર આપ્યો છે. ત્યારે આત્મનિર્ભર ગુજરાત દ્વારા આપણે આત્મનિર્ભર ભારતનું નિર્માણ કરવાનું છે. કાર્યક્રમમાં મુખ્ય મંત્રી શ્રીના હસ્તે ગોંડલની ભુવનેશ્વરી પીઠના આચાર્ય શ્રી ધનશ્યામ શાસ્ત્રીની પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વેજલપુરના ધારાસભ્ય શ્રી અમિતભાઈ ઠાકર, મણિનગરના ધારાસભ્ય શ્રી અમુલભાઈ ભટ્ટ, પાલનપુરના ધારાસભ્ય શ્રી અનિકેતભાઈ ઠાકર, બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર શ્રીમતી અમીબેન ઉપાધ્યાય, અમદાવાદ મનપાના શાસક પક્ષના નેતા શ્રી ભાસ્કરભાઈ ભટ્ટ અને બ્રહ્મ સમાજના શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વીસીસીઆઈ અને યુનાઈટેડ આરબ અમિરાતની રસલ ખેમા ચેમ્બર ઓફ કોમર્સ વચ્ચે એમઓયુ

બંને ચેમ્બર એકબીજાની સાથે વેપાર અને ઉદ્યોગ ક્ષેત્રે રહેલી તમામ સંભાવનાઓનું આદાન-પ્રદાન કરશે

કમલમ્ ન્યુઝ,વડોદરા,

વીસીસીઆઈ એક્સ્પોમાં આજે વીસીસીઆઈ અને યુનાઈટેડ આરબ અમિરાતની રસલ ખેમા ચેમ્બર ઓફ કોમર્સ સાથે એમઓયુ સાઈન કરવામાં આવ્યા હતા. જે અંતર્ગત વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ અને રસલ ખેમા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ એકબીજાની સાથે વેપાર ઉદ્યોગ ક્ષેત્રની માહિતીનું આદાન-પ્રદાન કરવા અંગે સમજૂતિ કરાર કરવામાં આવ્યા હતા.

બંને ચેમ્બર એકબીજાની સાથે વેપાર અને ઉદ્યોગમાં રહેલી તમામ સંભાવનાઓનું આદાન-પ્રદાન કરશે. વીસીસીઆઈના પ્રમુખ શ્રી મેઘજીભાઈ પટેલ, માનદ મંત્રી શ્રીજલંધુ પાઠક, સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અને ચેરમેન એક્સપો શ્રી હિમાંશુભાઈ પટેલ,શ્રી સુભાષભાઈ નગરશેઠ સહ માનદ મંત્રી શ્રી નીપમ દેસાઈ શ્રી અંકુર પટેલ તથા ખજાનચી શ્રી અમિત શાહ હાજર રહ્યા હતા. રસલ ખેમા ચેમ્બર ઓફ કોમર્સના ફર્સ્ટ વાઈસ ચેરમેન અને ચેરમેન સુપ્રીમ કાઉન્સિલ ઓફ એસએમઈ લીડ એક્સેલન્સી યુસુફ ઈસ્માઈલ, રાખ ચેમ્બરના કોમર્શિયલ મેનેજર ઈસ્માઈલ બલુચી ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે વડોદરાના નવલખી મેદાન ખાતે યોજાયેલા વીસીસીઆઈ એક્સ્પો પ્રદર્શનનો ઉષોગ જગત નો વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે.

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ બોટાદ દ્વારા યોગીધામ સમઢિયાળા નં -૧ ખાતે કર્તવ્ય બોધ કાર્યક્રમ ઉત્તમ રીતે સંપન્ના થયો.

કમલમ્ ન્યુઝ,

ભવ્ય ભારતનાં આર્ય સંન્યાસી અને સમગ્ર વિશ્વમાં ભારતિય સંસ્કૃતિનો ડંકો વગાડનારા સ્વામી વિવેકાનંદ અને દેશ માટે પોતાનું બલિદાન આપી આજે પણ લોકો હૃદયમાં અમરત્વ પામનાર ક્રાંતિકારી નેતાજી સુભાષચંદ્ર બોઝ જન્મ જયંતી નિમિત્તે બંને મહાનુભાવોના આદર્શ જીવન વિચારો થકી શિક્ષણમા ઉતમકાર્યની પ્રેરણા અને વિચારશક્તિ મળે તે હેતુથી યોગીધામ સમઢિયાળા નં. ૧ ના પરમ વંદનીય પુજય સંતશ્રી નિર્મળસ્વામીના આશીર્વાદ સાથે " કર્તવ્યબોધ કાર્યક્રમ" ઉત્તમ રીતે સંપન્ન થયો. આ યાદગાર અને ઉત્તમ ઉપક્રમમાં સાધનાધામ અને ઐતિહાસિક વિરાસતને સાચવતી પાવન ધરા એવાં નવહસ્થા હનુમાનજી મંદીર બોટાદના મહંતશ્રી નિર્મળાનંદ બાપુ સાથે આ રુડાં ઉપક્રમે બોટાદનું અણમોલ રત્ન અને અનેક એવોર્ડ થકી સમગ્ર શિક્ષણ અને શિક્ષક સમાજનું ગૌરવ બને લા શ્રેષ્ઠ શિક્ષક, શ્રેષ્ઠ વક્તા, લેખક, કવિ, કોલમિષ્ટ, શ્રેષ્ઠ એકટર, મોટીવેશનલ સ્પીકર, સાહિત્યકાર, કેળવણીકાર, અને ઈનોવેટિવ શિક્ષક એવાં શ્રી પ્રવીણભાઈ ખાચરને મુખ્ય વક્તા તરીકે આમંત્રણ મળ્યું અને આદર સાથે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન અને વ્યવસ્થાપન કરનાર શ્રી જનકભાઈ સાબવા- અધ્યક્ષશ્રી અને શ્રી બિપીનભાઈ બંબાળીયા-સંગઠન મંત્રી અને ચારેય તાલુકાના હોદેદારોશ્રીઓની ઉપસ્થિતીમા રુડાં દિપ પ્રાગટ્ય અને પ્રાર્થના દ્વારા કાર્યક્રમનો પ્રારંભ કરવામા આવ્યો કાર્યક્રમ અન્વયે પ્રેરક પ્રવચનમાં ઉત્તમ શિક્ષણ, સંસ્કૃતિ,સભ્યતા, સંસ્કાર, ચારિત્ર્ય નિર્માણ અને રાષ્ટ્રના ઘડતરમાં એક શિક્ષક કેવી ભૂમિકા ભજવી શકે એવાં સુંદર વિષય સાથે શ્રી પ્રવીણભાઈ ખાચર દ્વારા પોતાની આગવી શૈલીમાં સૌને મંત્રમુગ્ધ કરતું અને કર્તવ્ય બોધને ચરિતાર્થ કરતું મનનિય પ્રવચન આપ્યું હતું. આ સાથે પર?મ આદરણીય અને એક સાદગીપૂર્ણ સંત પુજય નિર્મળાનંદ બાપુએ પોતાની આગવી શૈલીમાં શિક્ષણ, શિક્ષક અને સંતની ભૂમિકા સાથે કર્તવ્ય પરાયણતાનુ દિવ્ય દર્શન કરાવી કર્તવ્ય બોધ કાર્યક્રમમાં આવવાનો રાજીપો વ્યક્ત કરી રુડાં આશીર્વાદ આપ્યા હતાં સૌથી વધારે આનંદ અને ગૌરવ થયું કે રાજય કક્ષાએ બોટાદને ગૌરવ અપાવનારા કલા વાહકો મોટે ભાગે કલા ઉત્સવ પૂર્ણ થતાં બધે વિસરાઈ જતાં જોવા છે પણ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘનાં કર્તવ્ય બોધ કાર્યક્રમમાં આ રાજય કક્ષાએ સમગ્ર જિલ્લા અને રાજયનુ ગૌરવ બનેલા કવિતા,ગાયન,ચિત્ર અને વાર્તામાં રાજય કક્ષાએ વિજેતા બનેલ શ્રેષ્ઠ પ્રતિભાશાળી બાળકોને એમનાં વાલીની પ્રેરક ઉપસ્થિતિમાં સુંદર ગીફ્ટ આપી સન્માનીત કરવામા આવ્યા ખરેખર આ માટે સંગઠનની ટીમ અને ભાઈશ્રી જનકભાઈ ને જેટલાં અભિનંદન આપીએ એટલાં ઓછાં છે સમગ્ર કાર્યક્રમની આભારવિધિ શ્રી રાજુભાઈ કોચિયાતરે કરી તેમજ સમગ્ર કાર્યક્રમનું સુચારું સંચાલન એક સરળ, સેવાભાવી અને સાદગીપૂર્ણ વ્યક્તિત્વ અને સારા સારસ્વત શ્રી વિજયભાઈ વાળાએ કર્યું હતું ચારેય તાલુકાના હોદેદારોશ્રીઓ, તમામ કારોબારી સભ્ય શ્રીઓ અને જીલ્લાના સારસ્વતોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો કાર્યક્રમનાં અંતે સૌએ મીની શાકોત્સવની ઝાંખી કરાવતો પ્રસાદ ગ્રહણ કર્યો હતો

જોઈએ છે

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું નામાંકિત અખબાર ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર

PRESS "કમલમ દૈનિક"

સમગ્ર ગુજરાત માટે બ્યુરો ઓફિસ ફાળવવાની છે

સમગ્ર ગુજરાતમાંજિલ્લા તેમજ તાલુકા મથકે રિપોર્ટીંગ કરી શકે તેવા જિલ્લા ચીફ અને તાલુકા ચીફ તેમજ માનદ - રિપોર્ટરની નિમણુંક કરવાની છે.

રસ ધરાવતા (અનુભવી - બિનઅનુભવી) વ્યક્તિએ સંપર્ક કરવો

સંપૂર્ણ બાયોડેટા ઈ-મેલ દ્વારા મોકલવો

E-mail.: kamalamgujarat@gmail.com

મહેશ પટેલ - Mo.: 98249 10606

• Printer/Publisher/Owner &Editor : Mahesh N. Patel. • Printed At :- Capital Offset 801/1, G.I.d.c.,Sector-28 Gandhinagar, Gujarat-382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028